# સ્કૂલ ફીમાં ઘટાડો : હિતાવહ કે નુકસાનકારક ?






ગાંધીનગર, તા. ૨૦

ખાનગી શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી બેફામ ફી ઉઘરાવવામાં આવતી હોઈ અને વાલીઓને અવારનવારની ફરિયાદ બાદ રાજ્ય સરકાર દ્વારા ૩૦ માર્ચના રોજ વિધાનસભામાં ખાનગી શાળા ફી નિયમન વિધેયક પસાર કર્યું હતું. ત્યાર બાદ રાજ્યના શિક્ષણમંત્રીએ જાહેરાત પણ કરી હતી કે, ખાનગી સ્કૂલો પ્રાથમિકમાં રૂપિયા ૧૫ હજાર, માધ્યમિકમાં રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિકમાં રૂપિયા ૨૭ હજાર ફી લઈ શકશે. જો સ્કૂલ્સે આ ફી માળખા કરતાં વધુ ફી લેવી હોય તો તેમણે ફી કમિટી સમક્ષ પોતાની વિગતો રજૂ કરવાની રહેશે અને કમિટીની મંજૂરી બાદ જ તેઓ નક્કી કરેલી ફી કરતા વધુ ફી લઈ શકશે.

## ટીકાકારોની દલિલ

નવેક વર્ષ પહેલાં સરકારે સરકારી ગ્રાન્ટ મેળવતી સ્કૂલ્સ બંધ કરી હતી તેથી ખાનગી સ્કૂલ્સને મનફાવે તેટલી ફી વસૂલવાની છૂટ મળી ગઈ હતી. હવે પાણી માથાની ઉપરથી જવા લાગ્યું છે ત્યારે સરકાર સફાળી જાગી છે અને ખાળે ડૂચા દેવાની દોડધામ કરી રહી છે.

સ્કૂલ ફી નિયમનનો કાયદો એ માત્ર ચૂંટણીલક્ષી સ્ટંટ છે અને એમાં કોઈ દમ નથી. ચૂંટણી પૂર્ણ થયા પછી આ બાબતને સરકાર ધ્યાન ઉપર પણ નહીં લે. આમ પણ આ કાયદાનું અમલ ન કરે એ સ્કૂલ સામે શું પગલાં ભરાશે એવી કોઈ સ્પષ્ટતા સરકારે કરી નથી. એ જોતાં આ કાયદો માત્ર ચૂંટણીલક્ષી સ્ટંટ જ છે, એવી ગંભીર દલિલ પણ ટીકાકારો દ્વારા કરવામાં આવી રહી છે.

આ મુદ્દો હાલ ગરમી કરતાંય વધુ ગરમ બન્યો છે. સ્કૂલ સંચાલકો અને વાલીઓ આ બાબતે સામસામે આવી ગયા છે અને દરરોજ નવા સમાચાર આ બાબતે બહાર આવી રહ્યા છે. તાજા સમાચાર જે બહાર આવ્યા છે તે છે 'પ્રાઈવેટ સ્કૂલ પૅરેન્ટ્સ વૅલફૅર ઍસોસિએશન' દ્વારા દર્શાવાયેલાં ભયસ્થાનો. વાલીઓના આ સંગઠને એવો ભયની શક્યતા વ્યક્ત કરી છે કે ફી નિયમન કાયદાને કારણે શિક્ષણની ગુણવત્તાથી માંડીને શિક્ષણેતર પ્રવૃત્તિઓ પર રોક લાગી જશે, જે સરવાળે વિદ્યાર્થીઓ માટે જ નુકસાનકારક બાબત બની રહેશે.

મર્યાદિત ફીને કારણે શાળાઓ વીજબિલ, સરકારી ટૅક્સ, સ્ટાફના પગાર, જમીન રજિસ્ટ્રેશન કે ભાડાં અને જરૂરી ખર્ચને પહોંચી શકે તેમ નથી, આ કારણે કેટલીક શાળાઓ પોતાનો આ વ્યવસાય સંકેલી લેવાની તૈયારી પણ કરી રહ્યાનું બહાર આવ્યું છે.

## વાલીઓની દલિલ

ખાનગી શાળાઓ મનફાવે તેટલી ફી ઉઘરાવે છે. એક જ શહેરમાં એક જ વિસ્તારમાં કાર્ય કરતી બે સ્કૂલ્સ વચ્ચે ફીનો કેટલો તફાવત હોય ? હજારો નહીં, પરંતુ લાખો રૂપિયામાં રહેતો આ તફાવત આખરે કયા કારણે છે એ સમજાતું નથી. સ્કૂલ્સ આખરે કઈ બાબતની લાખો રૂપિયા ફી વસૂલે છે તે સમજાતું નથી. આ ઉઘાડી લૂંટ છે અને તે અટકવી જ જોઈએ.

## સ્કૂલ્સની દલિલ

શિક્ષણનું કાર્ય એ ગુણવત્તાનું કાર્ય છે. સ્કૂલમાં શિક્ષકોની ગુણવત્તા પણ અગત્યની બાબત છે. એક શિક્ષકને ૧૦ હજાર પગાર આપવામાં આવતો હોય ત્યાં નિષ્ણાત શિક્ષક ૧ લાખ પગાર પણ વસૂલી શકે એટલો લાયક હોય છે. આવું જ સંચાલનનું પણ હોય છે. સંચાલનનું પણ મૂલ્ય વ્યક્તિ, સંસ્થા પ્રમાણે ને ગુણવત્તા પ્રમાણે જૂદું-જૂદું હોય છે, એમાં કશું ખોટું નથી.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ખાનગી ક્ષેત્રે ૯૩૮૪ પ્રાથમિક શાળા, ૩૮૩૧ માધ્યમિક શાળા અને ૩૦૩૨ ઉચ્ચ માધ્યમિક શાળાઓ મળીને કુલ ૧૬૨૪૭ શાળાઓ છે. શ્રેષ્ઠ અને વધુ વિદ્યાર્થીઓ મેળવવા આ શાળાઓ હરિફાઈ કરતી હોય છે. પરંતુ એકસમાન ફીનો કાયદો આવવાથી આ હરિફાઈ નાબૂદ થશે એવું ભયસ્થાન પણ સામે લાવવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા પસાર કરાયેલા વિધેયકમાં ખાનગી શાળાઓને આવરી લેવામાં આવી છે, પરંતુ તેમાં લઘુમતી સ્કૂલોને બાકાત રાખવામાં આવી છે. જેના પગલે રાજ્યમાં આવેલી ધાર્મિક લઘુમતી અને ભાષાકીય લઘુમતી સ્કૂલો માટે આ કાયદો અમલમાં રહેતો નથી. ધાર્મિક લઘુમતી અને ભાષાકીય લઘુમતિ સ્કૂલ્સ પોતાની રીતથી જ ફી ઉઘરાવી શકે છે.

## સારી બાબત

અમદાવાદ શહેરમાં ૪૦ જેટલી સ્કૂલ્સે ફી નિયમન કાયદા પછી પોતાની ફી સ્વૈચ્છિક રીતે ઘટાડીને રૂા. ૧૮ હજારની અંદર લાવી દીધી છે. ગાંધીનગર શહેરમાં પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જેવી મોટી અને પ્રતિષ્ઠિત સંસ્થાએ પોતાના સંચાલન હેઠળની શાળાઓમાં ફી ઘટાડાનો નિર્ણય કર્યો છે એ બાબત આવકાર્ય છે. આનાથી વાલીઓની શાળા પ્રત્યેની વિશ્વસનીયતા અને લાગણી વધી છે.

## માઠી બાબત

સ્કૂલ ફીના મુદ્દે એકવાર જે વાલીઓ અને સંચાલકો સામસામે આવી ગયા એ લાંબો સમય સામસામે જ રહેશે અને એકબીજાનાં દિલોમાં બહુ મુશ્કેલીથી સ્થાન પામી શકશે એ આ જંગનું સૌથી ખરાબ પાસું છે. આ બાબતે ભવિષ્યમાં પરિણામ ગમે તે આવે, અત્યારે જેમણે આ જંગની આગેવાની લીધી છે તે સૌ ભવિષ્યના હરીફો કે દુશ્મનો બની રહેવાના છે અને પરસ્પર વિશ્વાસ ગૂમાવી બેઠા છે.

## નિષ્ણાતોની દલિલ

સ્કૂલની ફી વધી છે અને હવે અસહ્ય બની છે એ બાબત સાચી, પણ એમાં વાંક પણ વાલીઓનો જ છે. અક સ્કૂલ ૫૦૦ રૂપિયા ફી વસૂલતી હોય અને બીજી સ્કૂલ ૫૦૦૦ વસૂલતી હોય એવા સંજોગોમાં ૫૦૦૦ વસૂલવાવાળી સ્કૂલ જ સારી એમ માનીને વાલીઓએ જ એની પાછળ દોટ લગાવી હતી, હવે તેઓ આ દોટનું પરિણામ ભોગવી રહ્યા છે.

ખાનગી શાળાઓની ફી બેકાબૂ વધી છે એનું કારણ પણ સરકાર જ છે. સરકારી શાળાઓ રાજ્યભરમાં છે અને આ શાળાઓને પોતાનાં મકાનો પણ છે. પરંતુ, આ શાળાઓની ગુણવત્તા સુધારવામાં સરકારને કોઈ રસ નથી. આજે નાનામાં નાનો માણસ પણ પોતાના પાલ્યને સરકારી સ્કૂલમાં ભણાવવા તૈયાર નથી. સરકારી સ્કૂલની ગુણવત્તા એટલી નીચી ગઈ છે. આસપાસ બીજી કોઈ સ્કૂલ ઉપલબ્ધ ન હોય કે ફી ભરી શકવાની ક્ષમતા ન હોય એવા સંજોગોમાં જ વાલીઓ પોતાનાં પાલ્યોને સરકારી સ્કૂલમાં મૂકે છે, અન્યથા નહીં. આ સંજોગોમાં ખાનગી શાળાઓ પોતાનું વધતું મહત્ત્વ જોઈને બેકાબૂ બને તો એમાં નવાઈ જેવું કશું નથી.

### અન્ય રાજ્યોની સ્થિતિ

તામીલનાડુમાં રાજય સરકારે ૨૦૦૯માં આ કાયદો ઘડીને ૨૦૧૦માં લાગુ પાડયો હતો. ખાનગી શાળાઓ તોતીંગ ફી લેતી હોવાની ફરિયાદોને કારણે આ કાયદો ઘડવામાં આવ્યો હતો. તામીલનાડુના કાયદામાં ફી નકકી કરવાની જવાબદારી જીલ્લા કમીટીઓને સોંપવામાં આવી હતી. શાળાઓના મૂલ્યાંકનના આધારે ફી નકકી કરવાની જોગવાઈ છે. સમીતી દ્વારા નકકી કરાતી ફીમાં ત્રણ વર્ષ સુધી કોઈ ફેરફાર થઈ શકતો નથી. રાજસ્થાનમાં હાલત સમાન છે. ૨૦૧૩માં ફી નિર્ધારણ કાયદો લાગુ પાડવામાં આવ્યો હતો. કાયદામાં તામીલનાડુના કાયદાની જોગવાઈઓ ઉપરાંત શિક્ષકોની લાયકાતને પણ ફી નકકી કરતી વખતે લક્ષ્યમાં રાખવાની જોગવાઈ ઉમેરવામાં આવી હતી.

ફી નિર્ધારણ કાયદાથી રાજસ્થાન તથા તામીલનાડુમાં અનેકવિધ સમસ્યા વધી ગઈ છે. વાસ્તવિકતા એ છે કે બહુ મોટી ફી લેનારી શાળાની સંખ્યા બહુ ઓછી છે. મોટાભાગની શાળાઓની ફી વ્યાજબી છે. છતાં તમામને એકસરખી રીતે 'તોલવામાં' આવે છે. બીજુ તમામ સ્થળોએ સરકારી સ્કૂલ્સ હોવા છતાં વાલીઓ ખાનગી શાળાનો જ આગ્રહ રાખે છે તેનું કારણ શિક્ષણ જ છે. સરકારી શાળાઓમાં શિક્ષણ સુધારવાને બદલે ખાનગી સ્કૂલ્સ પર ફી ઘટાડવાનું દબાણ લાવવામાં આવી રહ્યું છે, જે યોગ્ય નથી.

**ડાયરેક્ટ ❤ સે**

યાદ રાખો
દુનિયા
તમારા ઉદાહરણથી બદલાશે
તમારા અભિપ્રાયથી નહીં

## જન્મદિને વધામણી



**અશ્વિનકુમાર માણેકલાલ વ્યાસ**
ફોન : ૨૩૨૨૬૦૯૮



**સલીના સરફરાજ ઘાંચી**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

### ગાંધીનગર જિલ્લાના યુવાધનને રોજગારી પૂરી પાડવા ૩૩ કંપનીઝે જોડાઈ

# મેગા જૉબ ફૅરમાં ઉત્સાહભેર ૧૨૦૦ ઉમેદવારોએ ભાગ લીધો





ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાનાં યુવાધનને બોજગારી પ્રાપ્ત થાય અને પોતાનું ભવિષ્ય ઉજજવળ બનાવી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર જિલ્લા રોજગાર વિનીમય કચેરી, ગાંધીનગર તેમજ એસ.કે.પટેલ કેમ્પસ, સેકટર ૨૩, ગાંધીનગર દ્વારા શુક્રવારે મેગા જોબ ફેર યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર કલેકટર સતીષ પટેલે જોબફેરનાં સ્થળ પર મુલાકાત લઈને વિદ્યાર્થીઓને રોજગારી પ્રાપ્ત કરે તે માટે શુભેચ્છા પાઠવી હતી તથા નોકરીદાતાઓ વધુને વધુ ભાગ લે તેવુ પણ સૂચન કર્યુ હતું. રોજગાર અધિકારી વી. એસ. પાંડોરે ઉમેદવારોને જોબફેર વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ કાઉન્સ્લેર નિર્મલભાઈ પટેલે રાજયની રોજગાર સેવાઓ અંગે આપી હતી. દેના બેન્કના પ્રવીણભાઈ પંડયાએ કેશ લેશ વ્યવહાર અંગે તથા બરોડા ગ્રામીણ સ્વરોજગાર સંસ્થા તરફથી ચૌહાણભાઈએ તેમની સંસ્થા તરફથી અપાતી તાલીમ અંગે માહિતી-માર્ગદર્શન આપ્યું હતું. તેમજ વિવિધ કંપનીઓમાંથી કુલ ૩૩ નોકરીદાતાઓ હાજર રહેલ. આ મેગા જોબફેરમાં અંદાજીત ૧૨૦૦ જેટલા ઉમેદવારોએ ઉત્સાહભેર ભાગ લીધેલ જેમાંથી ૮૪૦ જેટલા ઉમેદવારોએની સ્થળ પર પ્રથમિક પસંદગી થયેલ છે. જેઓને બીજા તબકકામાં ઈન્ટરવ્યુ માટે બોલાવી જોબ પ્લેસમેન્ટ આપવામાં આવશે.

આ પ્રસંગે એસ.કે.પટેલ કડી કેમ્પસના ડિરેક્ટર ભાવિનભાઈ પંડયા અને પ્રોફેસર ડો. કૃતિ પટેલ તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧૨.૩૦
હિન્દી મીડિયમ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### શ્રી જલારામ સેવા સમાજ, લોહાણા યુવા સંગઠન તથા પ્રતિભા એકેડેમી દ્વારા

# બાળકો માટે વૅકેશન શિબિર યોજાઈ







ગાંધીનગર, તા. ૨૦

પ્રતિભા એકેડેમીના સહયોગથી શ્રી જલારામ સેવા સમાજ તેમજ લોહાણા યુવા સંગઠન દ્વારા ગત તા. ૧૬-૦૫-૨૦૧૭થી તા. ૨૦-૦૫-૨૦૧૭ દરમ્યાન જલારામ મંદિર ખાતે વેકેશન શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ વેકેશન શિબિરના પૂર્ણાહૂતિ સમારોહ પ્રસંગે શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રભાઈ સોજાણી, મંત્રી સેવંતીલાલ ઠક્કર, કારોબારી સભ્ય ન્યાલચંદભાઈ ચંદન, લોહાણા યુવા સંગઠનના પ્રમુખ નિલેષભાઈ પુજારા, ઉપપ્રમુખ પાર્થ ઠક્કર, કારોબારી સદસ્ય શ્રી પ્રિયંક ઠક્કર, ભાવેશ ઉદેચા, અમીત હાલાણી ઉપસ્થિત રહેલ. પ્રતિભા એકેડેમીના ડાયરેક્ટર ગૌરાંગ રાણાએ તમામ બાળકોનો આભાર માનતા પ્રતિભા એકેડેમીની પ્રવૃત્તિઓથી બાળકોને માહિતગાર કરેલ. તેમજ આગામી સમયમાં વધારે ગેમ્સ સાથે મોટા પ્રમાણમાં સંસ્થા સાથે કામગીરી કરવાની તૈયારી પણ દર્શાવી હતી.

આ શિબિરમાં ૫૦થી વધારે સંખ્યામાં બાળકોએ ભાગ લઈ પ્રતિભા એકેડેમીના તજજ્ઞો ગૌરાંગ રાણા (ચેસ), ભાવેશ જાદવ (ડાન્સ), સુરજ ત્રિપાઠી (રાયફલ શૂટિંગ), ધ્વનીલ ગ્રીન (રાયફલ શુટિંગ) પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.

શિબિરમાં તા. ૧૯-૦૫-૨૦૧૭ના રોજ બાળકો માટે શોધન ફાઉન્ડેશન તરફથી જાણીતા શૈક્ષણિક વિદ્ પ્રશાંતભાઈ ત્રિવેદી દ્વારા બાળકોની લાઈફ સ્કિલ્સ (જીવન કૌશલ્ય) વિકસે તે માટે અવનવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી, જેને બાળકોએ ખૂબ જ વખાણી હતી. શિબિરમાં ઉપસ્થિત તમામ બાળકોને પ્રમાણપત્ર, ગીફટથી સન્માનિત કરવામાં આવેલ. ગીફટ માટે લોહાણા યુવા સંગઠના કારોબારી સદસ્ય અમીત હાલાણી દ્વારા સહયોગ પ્રાપ્ત થયેલ. પાંચેય દિવસ બાળકોને અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ. શિબિરને સફળ બનાવવા શ્રી જલારામ મંદિરના સ્ટાફમિત્રોએ સહયોગ આપ્યો હતો.